



હિંમતનગરમાં રવિવારે ડી.જી.વણઝારાનો સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું તે પૂર્વે શહેરના મોતીપુરાથી ભવ્ય સ્વાગત કરી જીપમાં સવાર થઈ ડી.જી.વણઝારા લોકોનું અભિવાદન ઝીલતા રેલી સ્વરૂપે ડૉ. નલીનકાંત ગાંધી ટાઉન હોલ પહોચ્યા હતા. હિંમતનગરમાં રવિવારે ડૉ નલીનકાંત ગાંધી ટાઉન હોલ ખાતે મૂળ ઈલોલના વતની ડી.જી.વણઝારાનો નગર આયોજન સમિતિ ધ્વારા સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો જેમાં વિવિધ સમાજ ધ્વારા ડી.જી.વણઝારા અને તમના પત્નિનું ફૂલહાર, સાફો,શાલ અને તલવારથી સન્માન કર્યુ હતું.

# પ્રાંતિજમાં ટ્રાફિક સમસ્યા સામે નાગરિકો પરેશાન

## ટ્રાફિક પોલીસ ટ્રાફિક રોકવા કે દામવામાં નિષ્ફળ : ટ્રાફિક પોલીસને બજારના ટ્રાફિકમાં નહી પણ હાઈવેની મલાઈમાં રસ છે

પ્રાંતિજ, તા. ૮

પ્રાંતિજ ભાંખરીયા વિસ્તારથી બજારચોક વિસ્તાર સુધી ટ્રાફિક શિરદર્દ સમાન બન્યો છે અને ગામડાઓમાંથી ખરીદી કરવા આવતા ગ્રાહકોને ટ્રાફિકને લઈને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે ટ્રાફિક પોલીસને હાલ તો બજારના ટ્રાફિકમાં રસ ના હોય તેવું જણાઈ આવે છે.

પ્રાંતિજમાં ભાખરીયા સ્ટેશનથી બજારચોક વિસ્તારમાં અવાર-નવાર ટ્રાફિકને લઈને બજારમાંથી સાઈકલ કે રીક્ષા કાઢવી ઘણીવાર મુશ્કેલ બની જાય છે અને કોઈ અચાનક મોટુ વાહન આવી જાય તો અડધો કલાક ટ્રાફિક જામ થઈ જાય છે. અને ભાંખરીયા બસ સ્ટેશનથી બજાર સુધી ટ્રાફિક જામની વારેઘડીએ પરિસ્થિતિ સર્જાય છે. ત્યારે ટ્રાફિક પોલીસને બજારના ટ્રાફિકમાં રસ ના હોય તેમ હાઈવે ત્રણ રસ્તા ઉપર ઉભી થઈ જાય છે. અને જ્યાં ખરેખર ટ્રાફિકની સમસ્યા છે ત્યાં નિવારણ લાવવામાં આવે તો નથી ને ઉલ્ટાનું બજાર વિસ્તારમાં ટ્રાફિક ઉપર નિયંત્રણ ના રહેતા ઉપરથી દિવસે ને દિવસે ટ્રાફિક ઘટવાને બદલે વધારો જોવા મળ્યો છે. અને ભાખરીયાથી બજારચોકમાં રામભરોસે ટ્રાફિક સંચાલન ચાલે છે. ત્યારે ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતા ગ્રાહકોને વારે ઘડીએ ટ્રાફિકના ટ્રેલર ફિલ્મોની જેમ પ્રાંતિજ બજારમાં ટ્રાફિકની ટ્રેલર ફિલ્મ જોવા મળે છે. ત્યારે ટ્રાફિક પોલીસને હાલ તો બજારના ટ્રાફિકમાં રસ ના હોય તેવું જણાઈ આવે છે. અને માત્ર હાઈવેની મલાઈમાં જ રસ હોય તેવું હાલ તો જણાઈ આવે છે.

# હિંમતનગરના બંધ મકાનમાંથી ૧.૪૫ લાખની ચોરી થતા ફરિયાદ

હિંમતનગર, તા. ૮

હિંમતનગરમાં જલારામ મંદિર રોડ પર આવેલી સોસાયટીના એક બંધ મકાનને તસ્કરોએ શુક્રવારે મોડી સાંજ બાદ નિશાન બનાવી મકાનમાંથી ૮૦ હજારની કિંમતના સોનાના દાગીના તેમજ ૬૫ હજારની રોકડ મત્તા સહીત કુલ ૧.૪૫ લાખની માલમત્તા ચોરી ભાગી છુટ્યા હતા. હિંમતનગરને છેલ્લા કેટલાક સમયથી જાણે લુટારા, ઘરફોડીયા અને વાહનચોરોએ બાનમાં લીધું હોય તેમ એક પછી એક ઘટનાઓ બન્યા બાદ પણ સ્થાનિક પોલીસ તંત્ર સાથે લોકલ ક્રાઈમ બ્રાન્ચ એસ.ઓ.જી.નું તંત્ર આ પ્રવૃત્તિને રોકવા નિષ્ફળ સાબિત થઈ રહ્યાની અનુભુતિ નગરજનો કરી રહ્યા છે.

શહેરના જલારામ મંદિર રોડ પર આવેલી લક્ષ્મીપાર્ક સોસાયટીમાં રહેતા જયશ્રીકુંવરબા ભાટીના પરિવારજનો બહારગામ ગયા હોઈ ઘરે એકલા હોઈ શુક્રવારે સાંજના સુમારે પોતાનું ઘર બંધ કરી તાળુ મારી માસીજીના ઘરે સુવા ગયા હતા. દરમિયાન તસ્કરોએ બંધ મકાનના આગળના મુખ્ય દરવાજાનો નકુચો તોડી નાંખી ઘરમાં પ્રવેશી હાથ અજમાવ્યો હતો. તસ્કરો કપડાના કબાટમાંથી ૮૦ હજારના સોનાના દાગીના મુકેલી પોટલ, કબાટમાં પતરાની પેટીમાં મુકેલી ૬૫ હજારની રોકડ મત્તા સહિત કુલ ૧.૪૫ લાખની માલમત્તા ચોરી ભાગી છુટ્યા હતા.

શનિવારે સવારે જયશ્રીકુંવરબા પોતાના ઘરે પહોંચતા મકાનના આગળના મુખ્ય દરવાજાનો નકુચો તુટેલો જોઈઅ ચોંકી ઉઠ્યા હતા. ઘરમાં તસ્કરોએ હાથફેરો કર્યાનું ધ્યાને પડતા નજીકમાં રહેતા માસીજી-માસાજીને ઘટના અંગેની જાણ કરતા તેઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. તસ્કરોએ ઘરમાંથી વધુ માલમત્તા ચોરવાના ઈરાદે હાથફેરો કરતા ઘરનો સરસામાન વેરણછેરણ કરી નાખ્યો હતો.

# તલોદમાં રેલવેલાઈન નાંખવામાં જુનુ ગરનાળુ પુરાઈ ગયું..!!!

## ચોમાસામાં નજીકના વિસ્તારના ઘરો ડૂબમાં જશે

તલોદ, તા. ૮

તલોદ રેલવે સ્ટેશનથી ફાટક વચ્ચે આવેલુ ગરનાળુ કે જ્યાં થઈને અડધા જેટલા રહીશોનું પાણી આ ગરનાળામાંથી નીકળે છે. જે ગરમાળુ નવી રેલવે લાઈન બનાવવા પાટા નાખવાનું કામ ચાલી રહ્યું છે, તે રેલવે લાઈનના પાટા નાખવા માટે માટીનું પુરાણ કામ ચાલી રહ્યું છે. રેલવે સત્તાવાળા કહે છે કે ઉદેપુર બ્રોડ ગેજ રેલવે માટેના પાટા નાખવા માટેનું હાલ કામ ચાલી રહ્યું છે. આ માટે માટી નાખી રસ્તો બનાવી દીધો છે. જેના કારણે તલોદના અડધા રહીશોનું પાણી અહીંથી આ ગરનાળાથી નીકળી રહ્યું છે. આ ગરનાળુ વર્ષો પહેલાનું પાણી જવા માટેના ઉમદા હેતુથી બનાવેલું છે. પણ તેને પુરાણ હાલ કરી દેવાયું છે. લલ્લુકાકાની લાટી, મહેન્દ્રભાઈ ગાયકવાડની ચાલી વિગેરે તેમજ તે વિસ્તારના લગભગ મોટાભાગના રહીશોનું પાણી વર્ષોથી અહીંથી જઈ રહ્યું છે. ગરનાળુ પુરાણ કરી દેવાથી પાણી પાછુ પડી રહ્યું છે, જતું બંધ થઈ ગયું છે. તેના પરિણામે ગરનાળાની એક સાઈડે મહેન્દ્રભાઈ ગાયકવાડની ચાલી તરફ પાણી ભરાઈ ગયું છે. લાટી તેમજ મહેન્દ્રભાઈ ગાયકવાડની ચાલી બાજુના મકાનો તરફ પાણી પાછુ પડશે ત્યારે આ વિસ્તાર ડૂબમાં જાય તેવી શક્યતાઓ છે અને તેથી આ વિસ્તારની રહીશો ચિંતા સેવી રહ્યા છે.

આ વિસ્તારમાં પૂર્વ રેલવે બોર્ડના સભ્ય મહેન્દ્રભાઈ ગાયકવાડ, તલોદ નગરપાલિકાના પ્રમુખ રંજનબેન દામોદરભાઈ પટેલના પણ મકાનો આવેલા છે. આ ગરનાળુ બંધ થતા પાણી નહિ જવાથી તેમજ ચોમાસામાં અહીંના રહીશોના મકાનોમાં પાણી ભરાવાની દહેસતથી આ વાત રંજનબેનના પતિ દામોદરભાઈ પટેલનું પણ ધ્યાન મહેન્દ્રભાઈ ગાયકવાડે દોર્યું છે. તેમનું કહેવું છે કે નવું ગરનાળુ લાંબુ બની જશે પણ એક વાત એ છે કે ચોમાસા પહેલા બની જાય, અને હાલ ગરનાળામાંથી માટી હટાવી પુરાણ ચોખુ બનાવી દેવાય તે યોગ્ય છે.

# વડાલી નગરપાલિકાની સમિતિઓની રચના કરાઈ

વડાલી નગરપાલિકાની સામાન્ય સભા શુક્રવારે પાલિકાના સભાગૃહમાં યોજાઈ હતી. જેમાં પાલિકાની વિવિધ સમિતિઓની રચના કરવામાં આવતા કારોબારી અધ્યક્ષપદ પુનઃ કિર્તિભાઈ જયસ્વાલના શિરે મુકાતા લોકોએ તેમને અભિનંદન પાઠવ્યા હતા. આ સભામાં શહેરમાં વિકાસના કામ કરવા માટેની ચર્ચા કરવામાં આવી હતી. ઉનાળામાં નગરજનોને સમયસર પીવાનું પાણી મળી રહે તે માટે ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ પાલિકાની વિવિધ સમિતિઓના ચેરમેન અને સભ્યોની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી હતી. જેમાં કારોબારી સમિતિના અધ્યક્ષ તરીકે ફરીથી કિર્તિભાઈ જયસ્વાલની પસંદગી કરાઈ હતી. વિરોધપક્ષના નેતા તરીકે કાન્તિભાઈ ધુળાભાઈ પરમાર અને દંડક તરીકે નારાયણભાઈ ડાહ્યાભાઈ સગરની જાહેરાત કરાઈ હતી. **કઈ સમિતિમાં કોણ નિમાયું :** કારોબારી સમિતિ - જયસ્વાલ કિર્તિકુમાર છગનલાલ, જાહેર બાંધકામ - સગર ઈશ્વરભાઈ પ્રભુદાસ દખણી, નગર આયોજન - પરમાર કાન્તિભાઈ ધુળાભાઈ, પાણી પુરવઠા - સગર નારાયણભાઈ ડાહ્યાભાઈ, આરોગ્ય અને ગટર વ્યવસ્થા - સગર અમૃતભાઈ ધુળાભાઈ, દિવાબત્તી - નાયી કૈલાશબેન જીતેન્દ્રભાઈ, સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના - સગર જયંતિભાઈ શંકરભાઈ, વસુલાત - ખાંટ ગીતાબેન જશવંતભાઈ, સમાજ કલ્યાણ - પરમાર જાગૃતિબેન હર્ષપાલ, ગરીબ આવાસ યોજના - સુથાર ભગવતીબેન જગદીશભાઈ, લાયબ્રેરી અને શિક્ષણ - પટેલ હેમલત્તાબેન કુમુદચંદ્ર, આકારણી - ખાંટ કપીલાબેન જીતેન્દ્રભાઈ, સ્વચ્છતા અભિયાન - કડીયા રમિલાબેન રામાભાઈ, સ્ટાફ સમિતિ - સગર સમતાબેન પ્રવિણભાઈ

# છીકારી ગામે મહુડા ફળિયામાં પાણીના બોરમાં ઝેરી દવા નખાતાં ચકચાર

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના છેવાડે આવેલ છીકારી ગામે મહુડા ફળીયામાં કોઈ અજાણ્યા ઈસમો દ્વારા પીવાના પાણીના બોરમાં ઝેરી દવા નાખતાં રખળભળાટ મચી ગયો છે.



મેઘરજ તાલુકામાં ચાલુ ઉનાળે પીવાના પાણીની સમસ્યાઓ સર્જાઈ છે અને નદી, ચેકડેમ, તળાવો અને કૂવાઓ સુકાઈ ગયા છે ત્યારે છીકારી ગામે પાણીના તળ ઉંડે જવાથી મહુડા ફળીયામાં હેન્ડપંપમાં મોટર ઉતારવામાં આવી હતી અને આ ફળીયામાં ૨૦ જેટલા મકાનો આવેલા છે. આ ફળીયાના તમામ લોકો આ રીંગ બોરનો ઉપયોગ પીવાના પાણી તરીકે કરે છે. પરંતુ ગત તા. ૬-૫-૧૬ને શુક્રવારની રાત્રે ૧૦ વાગે અસારી લાઈજી દિતાભાઈ તેમના ખેતરમાં પાણી છોડવા ગયા હતા ત્યારે તેઓને ત્યાં ખરાબ દુર્ગંધ આવતા લાવજીભાઈએ બેટરી ચાલુ કરી જોયું તો રીંગ બોર ઉપર ઝેરી દવા ફોરેટ પડી હતી અને બોરમાંથી પણ ફોરેટ દવાની ગંધ આવતી હતી. જેથી તેઓએ આ વિશેની જાણ તેમની ફળીમાં કરી હતી અને આ બોરનું પાણી તાત્કાલિક બંધ કરાવ્યું હતું.

# હિંમતનગર અને સવગઢમાંથી બે બાઈક ચોરાતા ફરિયાદ

હિંમતનગર, તા. ૮

હિંમતનગરમાં બહુમાળી ભવન કેમ્પસમાંથી તેમજ સવગઢ ગામની સીમમાંથી બે બાઈક ચોરાતા વાહન ચોરીની ઘટના સંદર્ભે હિંમતનગરના બી-ડીવીઝન તેમજ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવા પામી છે.

વાહન ચોરીની ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર હડિયોલ રોડ પરની રાજતિર્થ સોસાયટીમાં રહેતા અને બહુમાળી ભવનમાં નોકરી કરતા યોગેશકુમાર ગોપાલદાસ પ્રજાપતિએ ગુરૂવારે સવારે ૧૧ વાગ્યાના સુમારે પોતાનું બાઈક નં. જી.જે.૦૯.એબી.૫૬૭૬ ને બહુમાળી ભવનમાં પાર્ક કર્યુ હતું. દરમિયાન રૂ. ૧૨ હજારની કિંમતના બાઈકની કોઈ ગઠિયો ચોરી કરી ઉઠાવી જતા તેમણે વાહન ચોરીની ઘટના અંગે શુક્રવારે હિંમતનગરના બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

જ્યારે વાહન ચોરીની બીજી ઘટના શહેરના નજીકના સવગઢ ગામની સીમમાં બનવા પામી હતી. જેમાં પાણપુર પાટિયા ખાતે રહેતા તાહીરહુસેન અફરોજહુસેન શેખે ગત મંગળવારે બાઈક નં. એમ.એચ.૧૨.જીબી.૩૩૬૫ સવગઢની સીમમાં પાર્ક કર્યુ હતું. દરમિયાન રૂ. ૨૦ હજારની ઉપરાંતનું આ બાઈક કોઈ ગઠિયો ચોરી જતા વાહન ચોરીની ઘટના અંગે તેમણે હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં શુક્રવારે ફરિયાદ નોંધાવી હતી.

# આકોદરા ગામની સીમમાં જમીનની માલિકી માટે બે જુથો વચ્ચે ધિંગાણું

હિંમતનગર, તા. ૮

હિંમતનગર તાલુકાના આકોદરા ગામની સીમમાં શનિવારે ખેતીની જમીનના માલિકી મામલે મારક હથિયાર સાથે બે જુથો વચ્ચે ધિંગાણું સર્જાતા બંને જુથમાંના કેટલાકને ગડદા પાટુ, ઉંધુ ધારીયું અને લાકડીઓ મારી ઈજા પહોંચાડી હતી. ત્રણ વાહનોમાં આવેલા શખ્સો પૈકી ગાંધીનગરમાં રહેતા નિવૃત પીએસઆઈએ પિસ્તોલથી આકોદરાના ખેડૂતપુત્ર પર ફાયરીંગ કરવા જતા ખેડૂતે ફાયરીંગ કરનારનો હાથ ઉંચો કરી દેતા હવામાં ફાયરીંગ થયું હતું. જેથી સદનસીબે કોઈ અનિચ્છનીય ઘટના બની ન હતી. પરંતુ ધિંગાણુંના મામલે બંને જુથ દ્વારા હિંમતનગરના એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં સામસામી ફરિયાદો નોંધાવતા પોલીસે ચાર શખ્સો ઉપરાંત ૨૦થી વધુના ટોળાં વિરૂધ્ધ રાયોટીંગ સાથે હત્યાની કોશિષ મામલે ગુનો દર્જ કરી તપાસ હિંમતનગરના નાયબ પોલીસ અધિક્ષકે હાથ ધરી છે.

ધિંગાણાના મામલે પ્રાપ્ત વિગત અનુસાર આકોદરા ગામની સીમમાં સર્વે નં. ૨૯૯ વાળી જમીન સંદર્ભે ગામનાજ ખેડૂત વિષ્ણુભાઈ પટેલ અને ગાંધીનગર રહેતા

**નિવૃત પીએસઆઈએ ખેડૂત પુત્રના લમણે પિસ્તોલ મૂકી પિતા વચ્ચે પડતા પિસ્તોલ ખસતા હવામાં એક રાઉન્ડ ફાયરીંગ : નિવૃત પીએસઆઈ વિરુદ્ધ આર્મ્સ એક્ટ પણ ગુનો નોધાયો : સામસામે ૮ સહીત ૨૦થી વધુના ટોળા વિરુદ્ધ ફરિયાદ**

કૃષ્ણપાલસિંહ જીવનજી વાઘેલા (નિવૃત પીએસઆઇ) ના પત્નિ લાલબા સાથે વિવાદ ચાલી રહ્યો છે. અગાઉ પણ આ જમીન મામલે બંને પરિવારો દ્વારા સામસામે પોલીસમાં ફરિયાદ થઈ છે. જે અંગે હિંમતનગરની દિવાની કોર્ટમાં કેસ ચાલે છે. દરમિયાન શનિવારે વિષ્ણુભાઈ સર્વે નં. ૨૯૯ વાળી ખેતરમાં હતા ત્યારે ગાંધીનગરના કૃષ્ણલાલસિંહ વાઘેલા, હડિયોલના બાબુભાઈ રાવળ તેમજ બીજા ૧૦ થી ૧૨ માણસો ત્રણ વાહનોમાં મારક હથિયાર સાથે આવી હાર્મિશભાઈ પટેલ તે.મજ તેમના પિતા વિષ્ણુભાઈને આ જમીન અમારી છે તેમ કરી તકરાર કરી હતી. દરમિયાન ટોળમાં ઘસી આવેલામાંથી કોઈકે હાર્મિશભાઈને પીઠ પાછળ ઉંધુ ધારિયું મારી ઈજા પહોંચાડી હતી. જયારે કૃષ્ણપાલસિંહે પોતાની પાસેની પિસ્તોલ હાર્મિશભાઈ પર તાકી મારવા માટે ફાયરીંગ કરવા જતા હાર્મિશભાઈના પિતા વિષ્ણુભાઈ પટેલે કૃષ્ણપાલસિંહનો હાથ પકડી ઉંચો કરી દેતા હવામાં ફાયરીંગ થયું હતું. ત્યારબાદ કૃષ્ણપાલસિંહ અને તેમની સાથે આવેલા માણસોએ ખેતર પરના બોરના કુવાના ઈલેક્ટ્રીક બોર્ડનો વાયર કાપી નાખી નુકશાન પહોંચાડ્યું હતું. હત્યાની કોશિષના ઈરાદે આવેલા કૃષ્ણપાલસિંહ તેમજ તેમના સાગરિતોએ હડિયોલના બાબુભાઈ રાવળ ઉપરાંત ૧૦ થી ૧૨ માણસોના ટોળા વિરૂધ્ધ શનિવારે હિંમતનગરના એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેમાં પોલીસે હત્યાની કોશિષ રાયોટીંગ અને આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી નાયબ પોલીસ અધિક્ષકે તપાસ હાથ ધરી છે.

બીજી તરફ ગાંધીનગરના કૃષ્ણપાલસિંહ વાઘેલાએ આકોદરાના ખેડૂત પિતા-પુત્ર વિષ્ણુભાઈ જોઈતાભાઈ પટેલ અને હાર્મિશભાઈ પટેલ વિરૂધ્ધ ગેરકાયદેસર મંડળ રચી મારક હથિયાર સાથે તેમના ખેતરમાં ઘસી આવી ખેતરમાં કામ કરતા મજુરોને લાકડીઓથી માર માર્યાની ફરિયાદ એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે. જેમાં તેમણે બંને પિતા-પુત્ર દ્વારા આકોદરા ગામના સર્વે નં. ૨૯૯ વાળી જમીન અમારી છે તેમ કહી કૃષ્ણપાલસિંહને ખેતરમાંથી જતા રહેવા સાથે મારી નાખવાની ધમકી આપ્યાની રાવ પોલીસ સમક્ષ કરી છે. આમ એ-ડીવીઝન પોલીસે આકોદરાની ખેતીની જમીના મામલે ખેલાયેલા ધિંગાણાના મામલે બંને પક્ષોની ફરિયાદ આધારે ચાર જણા ઉપરાંત ૨૦થી વધુના ટોળા વિરૂધ્ધ ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.



## મેઘરજની સાર્વજનીક હોસ્પિટલમાં મફત ટીફીન સેવા શરૂ કરાઈ

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના વાસણા સાર્વજનીક હોસ્પિટલ ખાતે શ્રી રામદેવ આશ્રમ વૈયા દ્વારા આ હોસ્પિટલમાં સારવાર લેતા દર્દીના સગા વ્હાલાઓને શનિવારથી મફત ભોજન આપવાનું શરૂ કરવામાં આવ્યું છે. જેમાં રામદેવ આશ્રમના મહંત દિપકભાઈ રામદેવપુત્રમ, ઘનશ્યામભાઈ ઉપાધ્યાય, ભરતભાઈ પંડ્યા, ડૉ. પ્રવિણ ઉપાધ્યાય, રમેશભાઈ બારોટ, અનિતાબેન ઉપાધ્યાય તેમજ વાસણા હોસ્પિટલના ડૉ. હંસાબેન અને ડૉ. રાઠોડ અને બીજા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ મફત ભોજનની સેવા શરૂ કરવામાં આવી હતી.

# ધરોદમાં કુવામાં પડી જતા એકનું મોત

વડાલી, તા. ૮

વડાલી તાલુકાના પુર્વ વિસ્તારમાં આવેલ ધરોદ ગામે શુક્રવારે કૂવામાંથી મોટર કાઢવા જતા અચાનક પગ લપસી જતા કૂવામાં પડી ગયેલા એક શખ્સનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યું હતું. જે અંગે વડાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

ધરોદ ગામે રહેતા રામાભાઈ વિરાભાઈ તરાર (ઉ.વ.૫૦) શુક્રવારે સાંજના સુમારે ગામતળમાં આવેલ એક કુવામાંથી મોટર કાઢવા ગયા હતા. ત્યારે અચાનક પાઈપ તુટી જતા મોટરનો કેબલ પગમાં વીંટાઈ ગયો હતો. જેથી તેઓ કૂવામાં પડી જતા ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યું હતું. જે અંગે ધરોદ ગામના કિરણભાઈ તરારે વડાલી પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.